Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડકટની દવાઓ તથા ઈન્જેકશન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ ● અંક : ૨૧ ● સળંગ અંક : ૧૦૫૯ ● પ્રકાશિત તા-૨૬-૩-૨૦૨૫,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂ. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

### અસામાજિક તત્ત્વોની બીજી યાદી તૈયાર, ગેંગના સભ્યો વિરુદ્ધ થશે કાર્યવાહી

# પોલીસ રસ્તામાં ઉતરતાં અસમાજીક તત્વોમાં ફફડાટ..!!

**અમદાવાદ શહેર પોલીસ અને સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે કુખ્યાત ગુનેગારોની અલગ અલગ ગેંગની યાદી તૈયાર કરી છે. આગામી દિવસોમાં આ ગેંગના સભ્યો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી શકે છે...**

અમદાવાદ : અમદાવાદનાં વસ્ત્રાલમાં બનેલી ઘટનાના પડઘા સમગ્ર ગુજરાતમાં પડ્યાં છે. રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા તેમજ અસામાજીક ગુંડા તત્વો પર કડકમાં કડક કાર્યવાહી કરી છે.અમદાવાદ શહેર પોલીસ અને સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે કુખ્યાત ગુનેગારોની અલગ અલગ ગેંગની યાદી તૈયાર કરી છે. ગેંગના સભ્યોના નામ અને તેમના ગુનાહિત ઈતિહાસ સાથે યાદી તૈયાર કરવામાં આવી હતી. આગામી દિવસોમાં આ ગેંગના સભ્યો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી શકે છે.

એકરિપોર્ટ મુજબ, તાજેતરમાં ગુજસીટોક સહિતની કલમો હેઠળ કાર્યવાહી બાદ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા પણ ગુનેગારોનું બીજું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે. બીજી યાદીમાં સામેલ ૧૦ જેટલા ગુનેગારો પર પણ કાર્યવાહી કરવામાં આવી શકે છે. રાજ્ય પોલીસ વડાના આદેશ બાદ ગુનાહિત પ્રવૃત્તિ કરનારા ૭૬૧૨ શખ્સોની યાદી તૈયાર કરી છે. જેમાં ૩૨૬૪ બુટલેગરો, ૨૧૪૯ શરીર સંબંધિત, ૯૫૮ મિલકત સંબંધિત, ૫૧૬ જુગાર, ૫૪૫ અન્ય શખ્સોની યાદી તૈયાર કરી છે. ત્યારબાદ આ તમામ શખ્સો વૉચ રાખવાની સાથે તેમના ગેરકાયદે દબાણો, વીજ જોડાણ, શંકાસ્પદ આર્થિક વ્યવહાર સહિતની તપાસ કરવામાં આવશે.

જ્યારે અમદાવાદ શહેરના ૨૫, મોરબીના ૧૨, સુરતના ૭, ગાંધીનગરના ૬, વડોદર શહેરના ૨ સહિત કુલ ૫૯ વિરૂદ્ધમાં પાસાનો અને ૧૦ જેટલાં શખ્સો વિરૂદ્ધમાં હદપારની કાર્યવાહી સહિત ૭૨૪ શખ્સો સામે અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. જેમાં પોલીસ દ્વારા આરોપીઓના ગેરકાયદે વીજ જોડાણ, દબાણો વગેરે મામલે તપાસ કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

નોંધનીય છે કે, આ પહેલાં પણ પોલીસે સમગ્ર અમદાવાદમાં સક્રિય હોય તેવી ૧૦ જેટલી ગેંગની યાદી તૈયાર કરી છે. જેમાં ઘાટલોડિયા, વાડજ, ખોખરા, અમરાઈવાડી, જુહાપુરા, નારોલ, વટવા સહિતના વિસ્તારોમાં સક્રિય હોય તેવી ગેંગનો સમાવેશ થાય છે. જેમાં વેપારીઓ પાસે ખંડણી માંગવી, ડ્રગ્સના નેટવર્ક ચલાવવા, જમીન સહિતની મિલકતો હડપ કરવી, લૂંટ કરવાના ગુનામાં સંડોવાયેલી ગેંગનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત વિવિધ ગેંગ વિરૂદ્ધ શહેરના અનેક પોલીસ સ્ટેશન ઉપરાંત, રાજ્યના અન્ય પોલીસ સ્ટેશનોમાં પણ ગુના નોંધાયેલા છે. ત્યારે ગુનાની ગંભીરતાને આધારે પોલીસ દ્વારા કેટલાંક તત્ત્વો વિરૂદ્ધ ગુજસીટોકના ગુના પણ નોંધાઈ શકે છે. અમદાવાદ પોલીસે માથાભારે ગેંગ ઉપરાંત, બે કે તેથી વધુ ગુના નોંધાયા હોય તેવા ૧૧૦૦ જેટલા આરોપીઓની યાદી પણ તૈયાર કરી છે. આ યાદીને રાજ્ય પોલીસ વડાને મોકલીને ગુનાની ગંભીરતાને આધારે કાર્યવાહી કરવાની ગાઈડલાઈન નક્કી કરાશે.

રાજયના પોલીસ વડા વિકાસ સહાયે આ યાદી તૈયાર થયા બાદ સ્થાનિક વહીવટી તંત્ર સાથે સંકલન કરી કેવા પ્રકારની કડક કાર્યવાહી કરવાની રહેશે તે અંગે પણ સ્પષ્ટતાપૂર્વક સૂચનાઓ આપી છે. જેમાં આ તત્વોએ ગેરકાયદેસર બાંધકામ કરેલું હોય તો તેવા બાંધકામને દૂર કરવા સ્થાનિક સંસ્થાઓ સાથે સંકલન કરી જરૂરી કાર્યવાહી કરવા, સરકારી જમીન ઉપર દબાણ કરેલુ હોય તો કાયદેસરની કાર્યવાહી કરવા, ગેરકાયદેસર વીજ કનેકશન ધ્યાને આવે તો ર્ડ્ઢ્ઢ સાથે સંકલનમાં રહી કાયદેસરની કાર્યવાહી કરવી, આવા તત્વોના બેંક એકાઉન્ટની ચકાસણી કરી નાણાકીય વ્યવહારમાં કોઇ ગેરકાયદેસરનું કૃત્ય જણાય આવે તો જરૂરી કાર્યવાહી કરવા કડક સૂચનાઓ આપવામાં આવી છે.

તે ઉપરાંત આવા તત્વો સામે દાખલ થયેલા ગુનાઓમાં જામીન ઉપર છુટયા પછી અન્ય કોઇ ગેરકાયદેસર કૃત્યમાં પકડાયેલા હોય તો જામીન રદ કરવા જરૂરી કાર્યવાહી કરવા તેમજ પાસા અને તડીપાર જેવી અસરકારક જોગવાઈઓનો ઉપયોગ કરવા સહિત ભાડુઆત અંગેનું રજીસ્ટ્રેશન ન કર્યું હોય તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા સૂચનાઓ આપી છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તમામ પોલીસ કમિશ્નર, રેન્જ વડા અને પોલીસ અધીક્ષકને આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અને અંગત ધ્યાન આપી જરૂરી કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે.

# લાલ દરવાજા ટર્મિનસ ખાતે “કુલ બસ સ્ટેન્ડ” ટાઈમપાસનું સ્થળ તો નહી બની જાય ને ?

અમદાવાદ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ અને મહિલા હાઉસીંગ ટ્રસ્ટના સંયુક્ત પ્રયાસોથી લાલ દરવાજા બસ ટર્મિનસના ૭- ૮ નંબરના પ્લેટ ફોર્મ ખાતે “કુલ બસ સ્ટોપ” શરૂ કરવામાં આવ્યું છે. સામાન્ય જનતા એટલે કે મુસાફરોને ગરમીમાં રાહત મળે માટે આ કુલ બસ સ્ટેન્ડ શરૂ કરાયું છે. જેમાં પાઈપમાંથી ઝીણા ફુવારા સ્વરૂપે પાણી પડે છે જેને કારણે મુસાફરોને ઉનાળાની બળબળતી બપોરે તડકામાં રાહત મળશે ગરમીનું પ્રમાણ ઘટશે. કુલ બસ સ્ટોપ એ ખૂબ જ સારા આશયથી શરૂ કરાયેલા બસ સ્ટેન્ડના સંદર્ભમાં કેટલાક પ્રશ્નો ધ્યાન ખેંચી રહયા છે આ બસ સ્ટેન્ડ પર ઠંડક રહેતી હોવાથી એ જ રૂટ પર જનારા પેસેન્જર કે બીજા કોઈ તત્વો આવીને બેઠા છે તેની ખબર કઈ રીતે પડશે ? કારણ કે આ પ્રકારની સુંદર વ્યવસ્થા છે એટલે આવારા પ્રકારના તત્વો આવીને નહી બેસે તેની ગેરંટી શું હશે ? એટલુ જ નહી બસમાં જવાની જગ્યાએ યુવાનો-યુવતીઓ અહીંયા જ બેસી રહેશે તો ? ટૂંકમાં સિકયુરીટીના સંદર્ભમાં આગામી દિવસોમાં પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે છે. કેટલાક નવરા લોકો આવીને ત્યાં બેઠક પર અડ્ડો જમાવીને બેસી જશે તો ? સત્તાવાળાઓએ ફરી આવી બાબતમાં તકેદારી રાખવી પડશે. આપણે ત્યાં તંત્ર લોકોની સુખાકારી માટે વ્યવસ્થા કરે છે પરંતુ તેની કદર અને દરકાર નાગરિકોએ રાખવી પડશે. લાલ બસ સ્ટેશનના કંટ્રોલરોએ ધ્યાન કેન્દ્રિત કરવુ પડશે અગર તો એ.એમ.ટી.એસની સિકયુરીટી ગાર્ડની વ્યવસ્થા ગોઠવવી પડશે. કુલ બસ સ્ટોપનો ઉપયોગ હવે એટલે કે માર્ચ-એપ્રિલ-મે મહિનામાં વિશેષ જોવા મળશે. કારણ કે આ ત્રણ મહિના દરમિયાન કાળઝાળ ગરમી પડશે. કુલ બસ સ્ટોપનો કન્સેપ્ટ પણ મુસાફરોની સુખસગવડતા વધારવાનો છે તે ભૂલવુ જોઈએ નહિ.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

તાત્કાલિક જોઈએ છે....

કાર વોશિંગ માટે
ફ્રેશ/અનુભવી
માણસ જોઈએ છે...
B J CAR WASHING
જયેશભાઈ જે રાવત
નરસિંહનગર સોસાયટીની બાજુમાં, રામાપીરનો ટેકરો, જુના વાડજ, અમદાવાદ.
MO : 9099999463

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## અમદાવાદમાં એક બાજુ કોમનવેલ્થ અને ઑલિમ્પિક યોજવાની વાત ને બીજી બાજુ

# પશ્ચિમની મોટાભાગની સ્કૂલોમાં નાનું મેદાન પણ નહીં..!!

### શાળાના કુલ વિસ્તારના ૩૦ ટકાથી ૪૦ ટકાનો ભાગ રમતના મેદાન માટે હોવો જોઈએ, શાળામાં બાળકને ૪-૬ મીટરની જગ્યા આઉટ ડોર એક્ટિવિટી માટે મળવી જોઈએ. જ્યાં તે ઓછામાં ઓછું ૧૦૦ મીટરથી ૨૦૦ મીટર જેટલું અંતર દોડી શકે

અમદાવાદઃ વર્ષ ૨૦૩૦ અને વર્ષ ૨૦૩૬માં ગુજરાત ઑલિમ્પિક ગેમ્સનું આયોજન કરવા માટે થનગની રહ્યું છે. આ માટે કેન્દ્ર, રાજય અને અમદાવાદ મહાનગરપાલિકાએ પણ બજેટમાં જોગવાઈઓ કરી છે. ગુજરાતમાં દર વર્ષે કરોડોના ખર્ચે ખેલ મહાકુંભ પણ યોજવામાં આવે છે, પરંતુ કડવી વાસ્તવિકતા કંઈક અલગ છે. ખુદ સરકારી આંકડાઓ કહે છે કે ગુજરાતમાં લગભગ ૬૩૩૨ શાળામાં બાળકોને રમવા માટે મેદાન જ નથી. હજુ જે સ્કૂલોમાં મેદાન છે તે કેવા છે અને કેવી હાલતમાં છે અને સાથે રમવાની કેટલી સુવિધા છે તે અલગ વિષય છે, પરંતુ આટલી સ્કૂલોમાં તો મેદાન જ ન હોવાનું બહાર આવ્યું છે.અમદાવાદની મોટાભાગની સ્કુલોમાં નાનું સરખુ ય મેદાન જ નથી.આ ઉપરાંત યોગ્ય વાતાવરણ પણ અભાવ છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, ગુજરાત સરકાર દ્વારા નિર્ધારિત નિયમો પ્રમાણે દરેક શાળામાં એક મેદાન હોવું જોઈએ.ગુજરાત સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા રિપોર્ટ પ્રમાણે ગુજરાતની ૫૩,૮૫૧ માન્ય શાળાઓમાંથી ૬૩૩૨ શાળાઓ એવી છે, જ્યાં મેદાન જ નથી. ગુજરાત સરકારની જાહેરાતો અને સુશાસનની વાતોને ખોટી સાબિત કરતી માહિતી છે. સરકાર દ્વારા ચલાવવામાં આવતી કુલ ૩૩૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓમાંથી ૫૦૦૦ શાળાઓમાં રમતના મેદાનો નથી. જ્યારે ૧૨,૭૦૦ જેટલી સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળાઓમાંથી ૭૮ સરકારી શાળાઓ, ૩૧૫ ગ્રાન્ટ ઈન એઈડ દ્વારા ચાલતી શાળાઓ છે.

૨૫૫ જેટલી ખાનગી શાળામાં પણ રમતગમતના મેદાનની સુવિધા નથી અને આ શાળાઓ પાસે તો યોગ્ય વાતાવરણ પણ નથી કારણ કે તેમાંથી મોટાભાગની તો બિઝનેસ કોમ્પ્લેક્સમાં ચાલે છે અને તેની નીચે પાનના ગલ્લાઓ છે, અન્ય દુકાનો છે. આ ઉપરાંતની કેટલીક મોટા ભાગની શાળાઓમાં નાનકડા ફળીયા જેવા પ્લોટને પણ મેદાન જેવા ખપાવીને તેની મંજૂરીઓ આપવામાં આવી હોવાનું એક અહેવાલ જણાવે છે.

તમને જણાવી દઈએ અર્બન એન્ડ રિજનલ ડેવલપમેન્ટ પ્લાન્સ ફોર્મ્યુલેશન એન્ડ ઈમ્પ્લિમેન્ટેશન ગાઈડલાઈન્સ પ્રમાણે શાળા પાસે શાળાના કુલ વિસ્તારના ૩૦ ટકાથી ૪૦ ટકાનો ભાગ રમતના મેદાન માટે હોવો જોઈએ. ૫૦૦ વિદ્યાર્થીની શાળા હોય તો તેમાં ૨૦૦૦-૩૦૦૦ મીટર જગ્યા હોવી જોઈએ. જ્યાં બાળકને ૪-૬ મીટરની જગ્યા આઉટ ડોર એક્ટિવિટી માટે મળવી જોઈએ. જ્યાં તે ઓછામાં ઓછું ૧૦૦ મીટરથી ૨૦૦ મીટર જેટલું અંતર દોડી શકે.

જોકે માત્ર ગુજરાતમાં જ નહીં સમગ્ર દેશમાં ખાસ કરીને મોટા શહેરોમાં શાળાઓ પાસે પૂરતા ક્લાસરૂમ કે ઓપન સ્પેસ હોતી નથી. બાળકોને રમવાની જે સુરક્ષિત સુવિધા મળે તે મળતી નથી. માત્ર સ્કૂલમાં જ નહીં ઘરની બહાર સોસાયટીઓમાં પણ બગિચાઓ કે ખુલ્લા મેદાન ઓછા છે અને તેથી બાળકોએ નાની ઉંમરથી જે શારિરીક પ્રવૃત્તિ કરવી જોઈએ તે થતી નથી. એકબાજુ આપણે ફરિયાદો કરી રહ્યા છે કે બાળકો મોબાઈલમાં પડ્યા રહે છે, પરંતુ સવાલ એ પણ છે કે તેમને રમવા માટેની પૂરતી સુવિધાઓ આપણે આપી રહ્યા છે કે શું?

## મ્યુ કોર્પોરેશનની કામગીરીને લઈને અનેક સવાલો..

# જુના વાડજ સર્કલ સહિત સાત બ્રિજોની સમય મર્યાદા પૂરી થવા છતાં કામ ગોકળગતિએ !!

### પ્રોજેક્ટ વિભાગ, થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કંપનીઓ અને વિજિલન્સ ખાતાની કામગીરી શંકાસ્પદ

અમદાવાદ : અમદાવાદ મ્યુ કોર્પોરેશન બ્રિજ બનાવવાની જાહેરાત તો કરી દે છે પરંતુ બ્રિજ સમય મર્યાદામાં પૂર્ણ થાય છે કે કેમ તે ધ્યાન રાખવામાં આવતું નથી. શહેરમાં ૭ બ્રિજ એવા છે જેના નિર્માણની સમય મર્યાદા પૂર્ણ થઈ ગઈ છે અથવા પૂર્ણ થવાની તૈયારી છે છતાં કામગીરી અધૂરી છે. ટ્રાફિક સમસ્યાથી મુક્તિ અપાવવા માટે અમદાવાદ મ્યુ કોર્પોરેશન દ્વારા સ્માર્ટ સિટી અમદાવાદમાં વિવિધ વિસ્તારોમાં બ્રિજ બનાવવામાં આવી રહ્યા છે. ભૂતકાળમાં કેટલાક બ્રિજ ગુણવત્તાને કારણે ચર્ચામાં આવ્યા હતા ત્યારે હવે કેટલા બ્રિજ તેની સમય મર્યાદાને કારણે ચર્ચામાં આવ્યા છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદમાં વિવિધ વિસ્તારોમાં ૭ બ્રિજના ગોકળગતિએ કામ ચાલી રહ્યા છે, જેમાં કામ કરવાની સમયમર્યાદા અથવા તો ડેડ લાઇન પૂર્ણ થઈ ગઈ અથવા પૂર્ણ થવાની તૈયારી હોવા છતાં કામ પૂર્ણ નથી થયું. મહત્વની વાત એ છે કે બ્રિજ બનાવવામાં વિલંબ કરી રહેલા કોન્ટ્રાકટર અને અધિકારી સામે તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. અધિકારીઓ અને કોન્ટ્રાકટરની આળસને કારણે લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ભ્રષ્ટાચારને કારણે અધિકારીઓ અને કોન્ટ્રાકટર સામે કોઈ કાર્યવાહી નથી થઇ. સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવું એ તેમની જવાબદારી છે પરંતુ ભાજપના કોન્ટ્રાક્ટર હોવાથી કોઈ કાર્યવાહી નથી થતી.

જો કે નારણપુરામાં આવેલ પલ્લવ બ્રિજની કામગીરી પૂર્ણતાના આરે હોવાનું મનાય છે, ટૂંક સમયમાં લોકાર્પણની શક્યતા છે, હાટકેશ્વર બ્રિજ બાદ પલ્લવ બ્રિજ પણ વિવાદમાં આવ્યો હોવાને કારણે થોડાક સમય માટે કામગીરી બંધ કરવામાં આવી હતી.અમદાવાદ શહેરમાં મોટી સંખ્યામાં બ્રિજ હોવાને કારણે તેને બ્રીજની નગરી કહી શકાય. બ્રિજ લોકોને ટ્રાફિક સમસ્યાથી મુક્તિ આપે છે પણ અમદાવાદ મ્યુ કોર્પોરેશનની ઢીલી નીતિને કારણે સાત બ્રિજની અધૂરી કામગીરીને કારણે લોકો હાલાકીનો સામનો કરી રહ્યા છે.

મ્યુનિ. સૂત્રોનાં જણાવ્યા અનુસાર, મ્યુનિ.માં જે કોઇ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે તેમાં અગાઉ વિજિલન્સ ખાતાની ઇજનેર શાખા દ્વારા તપાસ કરવામાં આવતી હતી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી વિજિલન્સ ખાતાની કામગીરી અસરકારક પૂરવાર થતી નથી. ઉલટાનું અધિકારીઓએ તેમના બચાવ માટે વિવિધ કામો ઉપર જાતે દેખરેખ રાખવાને બદલે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કંપનીઓ ઉપર જવાબદારી ઢોળી દેવાની સિસ્ટમ ઊભી કરી દીધી છે.









### ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા

# રિડેવલપમેન્ટ માટે નેગેટિવ પ્રીમિયમ ટેન્ડર્સ જ જાહેર કરવા જોઈએ!

## એક જ વિસ્તારમાં રોડની સામસામે આવેલ અલગ અલગ સોસાયટીઓના ટેન્ડરોમાં એકને પોઝિટીવ અને બીજાને નેગેટીવ પ્રિમિયન આવતા ટેન્ડરની પ્રક્રિયા પણ શંકાસ્પદ..!!

અમદાવાદ : રિડેવલપમેન્ટની સફળતા માટે તેમાં જોડાયેલ દરેક પક્ષના ઉદેશ્ય પૂરા થાય તો પ્રોજેક્ટ અને પોલિસી બંને જલ્દી સફળ થાય અને તે માટે નેગેટીવ પ્રીમિયમના ટેન્ડર જાહેર કરવામાં આવે તે ઉત્તમ વિકલ્પ બની શકે છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા રિડેવલપમેન્ટ માટે અલગ અલગ સોસાયટીઓની ટેન્ડર પ્રક્રિયા કરે છે, જેમાં કેટલાંક ટેન્ડરો પોઝિટીવ પ્રિમિયમ જતા હોય છે, તો કેટલાંક ટેન્ડરો નેગેટીવ પ્રિમિયમમાં આવતા હોય છે.એક જ વિસ્તારમાં રોડની સામસામે આવેલ અલગ અલગ સોસાયટીઓના ટેન્ડરોમાં એકને પોઝિટીવ અને બીજાને નેગેટીવ પ્રિમિયન આવતા ટેન્ડરની પ્રક્રિયા પણ શંકાસ્પદ હોવાનું આગેવાનો માની રહ્યા છે.

સરકારી તિજોરીને નુકશાન પડે તેની પરવા કર્યા વગર રિડેવલપમેન્ટ પોલીસીમાં વેગ લાવવા માટે જરૂરિયાતમંદ રહીશોને રિડેવલપમેન્ટ થકી નવીન ઘર આપવાનું છે. બિલ્ડરને રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ થકી નાણાકીય લાભ મોટો કમાવો છે અને હયાત લાભાર્થી રહીશને નવા મોટા મકાન સાથે થોડો આર્થિક લાભ ગિફ્ટ મની, ફર્નિચર પેટે કે હાર્ડશિપ કોમ્પેન્સેશન રકમ તરીકે મળી રહેશે.આ દરમિયાન ટેન્ડર પ્રક્રિયાના સંકળાયેલા અને સત્તા ધરાવતા કેટલાક અધિકારીઓને પણ કદાચ પ્રત્યક્ષ પરોક્ષ લાભ મળતો હોઈ શકે છે. જેથી રિડેવલપમેન્ટમાં તમા ટેન્ડરો નેગેટીવ પ્રિમિયમ આવવાથી સર્વે પક્ષોના ઉદેશ્ય પૂર્ણ થાય છે.

આ પોલિસી અનુસંધાને અત્યાર સુધી ભૂતકાળના નેગેટીવ પ્રીમિયમના ટેન્ડરમાં ઉપરોક્ત બધા ઉદેશ્ય સફળ થયેલા લાગે છે. માટે અનુભવે તે સિદ્ધ થાય છે કે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતમાં દરેક હાઉસિંગ કોલોનીના ફક્ત અને ફક્ત નેગેટીવ ટેન્ડર જ પાડવા જોઈએ. જેથી બધા ખુશ થઈ હોંશે હોંશે રિડેવલપમેન્ટમાં જોડાશે અને જે તે સોસાયટી, શહેર અને રાજયનો સુંદર વિકાસ ઝડપી થશે.

દરેક સોસાયટીની ભૌગોલિક પરિસ્થિતિ, રોડ રસ્તા, એફએસઆઈ, જીડીસીઆર નોર્મ્સ મુજબ પ્લાનિંગ કેવું બેસે તે અધિકારીઓ અને ડેવલપર જાણતા જ હોય છે માટે ટેન્ડર પડાવતા પહેલા સોસાયટીએ પોતાની માંગણીઓ સાથે સભ્ય દીઠ રકમ જણાવી દેવી અને અધિકારીઓએ ટેન્ડર બિડ તારીખ પહેલાની પ્રિ બિડ મિટિંગમાં સોસાયટીની માંગણીઓ ચર્ચી લેવી જેથી યોગ્ય બિડ બિલ્ડર કરી શકે અને બધા પક્ષોને યોગ્ય ફાયદો થાય, અથવા બોર્ડ દ્વારા સોસાયટી કેટેગરી મુજબ માંગણીઓ પહેલેથી નક્કી કરી દેવી જોઈએ જેથી નિર્વિવાદ પ્રોજેક્ટ પુરો થઈ જાય અને બધા ખુશી ખુશી જોડાયા અને રિડેવલપમેન્ટમાં વેગ આવી શકે છે.

નેગેટીવ પ્રીમિયમ આવતા પોઝિટિવ પ્રીમિયમ અને તેના કારણે થતો કકળાટ દૂર થઈ જાય અને તેને કારણે રિડેવલપમેન્ટમાં જે લોકો ખોટી દલીલો, સાચા ખોટા આક્ષેપો અને કોર્ટ કેસો કરે છે કે નકારાત્મકતા ફેલાવે છે તે બધું દૂર થઈ જશે.

### નારણપુરા બાદ હવે નવા વાડજમાં પણ રીડેવલપેન્ટની ટ્રેન ટ્રેક પર

# હાઉસિંગ બોર્ડની આ સોસાયટીઓ રિડેવલપમેન્ટ માટે તૈયાર..!!

અમદાવાદ : અમદાવાદ શહેરમાં પૂર્વને બાદ કરતા પશ્ચિમના અનેક વિસ્તારોમાં આવેલ હાઉસીંગ બોર્ડની હાઉસીંગ કોલોનીઓમાં છેલ્લાં એકાદ-બે વર્ષોથી થોડીક જાગૃતિ આવી હોય તેવું જણાઈ રહ્યું છે. અનેક સોસાયટીઓ રિડેવલપમેન્ટમાં જોડાઈ રહી છે ત્યારે નારણપુરા, સોલા બાદ હવે નવા વાડજમાં પણ વિશ્રામ પાર્ક, નંદનવન એપાર્ટમેન્ટ જેવી મોટી હાઉસિંગ સોસાયટીઓ રીડેવલપમેન્ટ માટે તૈયારી બતાવી હોય તેવું જણાઈ રહ્યું છે.

નવા વાડજ વિસ્તારમાં આવેલ હાઉસિંગ બોડની વિશ્રામ પાર્કમાં ૨૦૧૯નું ટેન્ડર રદ થાય તેવી શકયતાઓ જોવાઈ રહી હતી, ત્યારે એક રાહતના સમાચાર આવી રહ્યા છે, સોસાયટીના એસોસિયેશન દ્વારા ડેવલપરે આપેલ પ્લાન મંજુર કરી રીડેવલપમેન્ટ માટે આગળ વધવાની તૈયારી દર્શાવી છે.જેને લઈને તાજેતરમાં સોસાયટીના એસોસિયેશન અને ડેવલપર વચ્ચે મિટીંગ પણ યોજાઈ હતી, જેમાં પરિણામ સ્વરૂપે સકારાત્મક વલણને લઈને આગળ વધવું તેવું સોસાયટી અને ડેવલપર વચ્ચે નક્કી કરાયું હતું.આ સમાચારથી સોસાયટીના રહીશોમાં ખુશીની લાગણી પ્રસરી છે.

તમને જણાવી દઈએ કે ૨૦૨૦માં ટેન્ડર બાદ એલઓએ આપ્યા બાદ સોસાયટીના હોદ્દેદારો વચ્ચે અનેક મિટીંગ થઈ હોવા છતાં નોટરાઈઝ સંમતિ થઈ નહોતી, હાઉસિંગના સુત્રો મુજબ, ડેવલપર દ્વારા સોસાયટીને અત્યાર સુધી ૧૫ થી વધુ માંગણી મુજબના અલગ અલગ પ્લાન રજુ કર્યા હતા અને અનેક વાર મિટીંગ થઈ હોવા છતાં આગળની પ્રક્રિયા શરૂ ન થતાં ટેન્ડર રદ થાય તેવી શકયતાઓ વર્તાઈ રહી હતી, તેવામાં સોસાયટી હવે રીડેવલપમેન્ટની દિશામાં આગળ વધશે એવી સોસાયટીના રહીશો આશા સેવી રહ્યાં છે.

આ ઉપરાંત વિશ્રામ પાર્કની બાજુમાં આવેલ નંદનવન એપાર્ટમેન્ટનું ટેન્ડર હાઉસિંગ બોર્ડ કરાયા બાદ ડેવલપર અને સોસાયટીને એલઓએ (વર્ક ઓર્ડર) આપવામાં આવેલ છે.જેથી આગામી સમયમાં નંદનવન એપાર્ટમેન્ટમાં પણ રીડેવલપમેન્ટને લઈને આગળની વાતચીતનો દોર શરૂ થશે.અને આ વાતચીતનો દૌર રીડેવલપમેન્ટના અંતિમ પડાવ સુધી પહોંચે અને રીડેવલપમેન્ટ પુરુ થાય એવો સોસાયટીના રહીશો પણ રીડેવલપમેન્ટ થાય તેવો આશાવાદ વ્યક્ત કરી રહ્યાં છે.

આ ઉપરાંત નવા વાડજમાં હાઉસિંગ બોર્ડની અન્ય સોસાયટીઓ જેમ કે શિવમ એપાર્મેન્ટ, સાગર એપાર્ટમેન્ટ, અભિલાષા એપાર્ટમેન્ટ, પ્રકાશદીપ એપાર્ટમેન્ટમાં રહીશોમાં રીડેવલપમેન્ટને લઈને ચર્ચાઓ શરૂ થઈ છે. તમને જણાવી દઈએ કે અગાઉ હરિઓમ એપાર્ટમેન્ટ અને ગગનવિહાર એપાર્ટમેન્ટના ટેન્ડર હાઉસિંગ બોર્ડ દ્વારા કરાયા છે, પરંતુ સહમતિની દિશામાં હજુ કોઈ સુઃખદ નિવેડો આવ્યો નથી,

તમને જણાવી દઈએ કે આ અગાઉ કોઈ મુમેન્ટ ન હોવાને કારણે નવા વાડજમાં આવેલ ઉત્સવ એપાર્ટમેન્ટનું ટેન્ડર રદ કરવામાં આવ્યું હતું, ઉત્સવ એપાર્ટમેન્ટને રિડેવલપમેન્ટમાં જોડાવવું હશે તો દરેક પ્રક્રિયા ફરીથી કરીને રિટેન્ડર કરાવવું પડશે.હવે હાઉસિંગ બોર્ડ સમય મર્યાદામાં સોસાયટીઓ અને ડેવલપર કામ પુરુ નહિ કરે હાઉસિંગ બોર્ડ ટેન્ડર રદ કરતા અચકાશે નહિ..

હાલ ગુજરાત હાઉસિંગ બોર્ડની ૪૨ સોસાયટીઓમાં રિડેવલપમેન્ટની પ્રક્રિયા ચાલી રહી છે. જ્યારે ૧૭ સોસાયટીઓમાં રિડેવલપમેન્ટની પ્રક્રિયા પૂર્ણ થવાના આરે છે અને ડિમોલીશનની કામગીરી શરૂ થશે.૧૩ સોસાયટીઓમાં રિડેવલપમેન્ટની નિયત પ્રક્રિયા પૂર્ણ થતાં જ ડિમોલિશનની પ્રક્રિયા હાથ ધરાશે. જ્યારે ૧૧ સોસાયટીઓમાં ટેન્ડર બાદની પ્રક્રિયાઓ ચાલું છે.

## રિડેવલપમેન્ટને લઈને સાબરમતી રેલ્વે સ્ટેશનની બુકિંગ ઓફિસ શિફ્ટ થશે

અમદાવાદ : રેલવે દ્વારા સાબરમતી સ્ટેશનનું રિડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે જેના ભાગરૂપે સાબરમતી (ધર્મનગર) સ્ટેશન તેમજ સાબરમતી (જેલ રોડ) સ્ટેશન એમ બન્ને તરફથી મુખ્ય બિલ્ડીંગ તમામ સુવિધાઓ સાથે તૈયાર કરવામાં આવી રહ્યા છે. તેની સાથે જ સ્ટેશન પર પેસેન્જરોની સુવિધાને ધ્યાનમાં રાખી એન્ટ્રીગેટ તેમજ એક્ઝિટ ગેટ અલગ અલગ તૈયાર કરવામાં આવી રહ્યું છે. હાલ સાબરમતી (ધર્મનગર) સ્ટેશન પર મુખ્ય બિલ્ડીંગનું કન્સ્ટ્રકશન કામ લગભગ પૂર્ણ થવા આવ્યું છે તેની સાથે જ આગામી દિવસોમાં આ બિલ્ડીંગમાં આવવા જવા માટે લિફ્ટ અને એસ્કેલેટર પણ લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવનાર છે. એ જ રીતે મુખ્ય બિલ્ડીંગના કોન્કોર્સ એરિયાની સાથે પ્લેટફોર્મના કોન્કોર્સ એરિયા પણ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. મુખ્ય બિલ્ડીંગમાં જનરલ તેમજ રિઝર્વેશન ટિકિટ બુકિંગની સુવિધા પણ શિફ્ટ કરવામાં આવનાર છે. જેના માટે હાલમાં ફર્નિચર કામગીરી પણ ચાલી રહી છે. આ તમામ કામગીરી પૂર્ણ થયા બાદ જૂન કે જુલાઈ મહિનામાં મુખ્ય બિલ્ડીંગ પેસેન્જરો માટે ખુલ્લી મૂકી દેવામાં આવશે.

Digital India
Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC
E-GOVERNANCE SERVICES INDIA LIMITED
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફલેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

### સાબરમતી વિધાનસભાના ધારાસભ્ય ડો.હર્ષદ પટેલ સાથે

# રાણીપ વોર્ડના ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ વિધાનસભાની મુલાકાત લીધી



**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**

# નવા વાડજમાં વકીલ એકતા સંગઠનની મિટિંગ યોજાઈ, એક મંચ પર એકઠા કરવાનો અભિગમ



અમદાવાદ : શહેરના નવા વાડજ વિસ્તારમાં આવેલ કે આર રાવલ સ્કૂલ, બલોલ નગર ખાતે વકીલ એકતા સંગઠનની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી એડવોકેટશ્રીઓ તથા મહિલા એડવોકેટશ્રી હાજર રહ્યા હતા. જેમાં વકીલ સમુદાયના વિવિધ પડતર પ્રશ્નો, એડવોકેટ સંગઠનને મજબૂત કરવા તેમના સૂચનો રજુ કરી વકીલની ગરિમાને જાળવવાની અને વકીલોની એકતા જળવાઈ રહે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, ગત રવિવારે નવા વાડજ વિસ્તારમાં આવેલ કે આર રાવલ સ્કૂલ, બલોલ નગર ખાતે વકીલ એકતા સંગઠનની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જુનાવાડજ, નવાવાડજ, રાણીપ, ન્યુ રાણીપ, નિર્ણયનગર, નારણપુરા, નવરંગપુરા, સાબરમતી, મોટેરા, ગોતા, ઘાટલોડિયા, ચાંદલોડિયા,ચાંદખેડામાં વસવાટ કરતા જુનિયર/ સિનિયર /મહિલા વકીલ મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં વકીલ સમુદાયના વિવિધ પડતર પ્રશ્નો, એડવોકેટ સંગઠનને મજબૂત કરવા તેમના સૂચનો રજુ કરી વકીલની ગરિમાને જાળવવાની અને વકીલોની એકતા જળવાઈ રહે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકના અંતમાં અલ્પાહાર લઈ વકીલ પરિવાર મજબૂત બને તે કાર્યક્રમને સફળ બનાવવા બદલ તેમજ સાથ અને સહકાર આપવા બદલ સર્વે જુનિયર/ સિનિયર એડવોકેટ /મહિલા એડવોકેટશ્રીએ એકબીજાને શુભેચ્છાઓ પાઠવી હતી.









nted at Shree
ished from D-2
ditor - BHARG